

અંબાજી જતા પદયાત્રીઓની સેવા કાજે શહેરના વિવિધ માર્ગો પર સેવાકેન્દ્રો કાર્યરત થયા છે. સેવા કેન્દ્રોમાં અનોખી શ્રદ્ધા-ભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. ચ-માર્ગ પર મહાનગર ભાજપ દ્વારા શરૂ કરાયેલા સેવા કેમ્પમાં શહેરના પત્રકારોએ માતાજીની ભવ્ય આરતી અને દર્શનનો લાભ લીધો હતો. આ તબક્કે શહેર ભાજપના રૂચિર ભટ્ટ, ઉરેન પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# છુટાછેડા માટે દબાણ કરનાર મહિલા પીએસઆઈની ધરપકડ બાદ છુટકારો

## પીએસઆઈને જેલમાં પુરી રિમાન્ડ લેવાની માંગણી સાથે કોલવડાથી ટોળું પોલીસ સ્ટેશન પહોંચ્યું : મહિલા પોલીસ બોલાવવી પડી

ગાંધીનગર, તા. ૨૫

કોલવડાની પરિણીતાને તેના પતિને છુટાછેડાના કાગળ પર સહી કરી દેવાની ધમકી આપીને મારઝુડ કરનાર નરોડાની મહિલા પ્રોબેશનલ પી.એસ.આઈ.નો આજે ધરપકડ બાદ છુટકારો થયો હતો. મહિલા પીએસઆઈને જેલમાં પુરીને રિમાન્ડ પર લેવાની માંગ સાથે કોલવડા ગામથી ૩૦ થી ૪૦ વ્યક્તિઓનું ટોળુ પોલીસસ્ટેશન આવી પહોંચ્યું હતુ. જો કે આરોપી મહિલા પી.એસ.આઈ.એ આગોતરા જામીન મેળવ્યા હોવાથી તે શક્ય ન હોવાનું તપાસનીસ અધિકારીએ જણાવી મામલો થાળે પાડ્યો હતો. પરિસ્થિતિ વણસે નહી તે માટે મહિલા પીઆઈ સહીત સ્ટાફ પેથાપુર પોલીસ સ્ટેશન બોલાવી લેવાયો હતો.

કોલવડા ગામમાં રહેતી પરિણીતા સ્વીટીબેને પખવાડીયા અગાઉ પેથાપુર પોલીસમથકે ફરીયાદ નોંધાવી હતી કે તેમના પતિ મયુરસિંહ વાઘેલા જયારે પી.એસ.આઈ.ની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યા હતા ત્યારે શિલ્પાબેન ચૌધરી તેમની સાથે હતા. દરમ્યાન બન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો અને શિલ્પાબેન પી.એસ.આઈ. થઈ ગયા પરંતુ મયુરસિંહ ફેઈલ થયા હતા. મયુરસિંહે લગ્ન કરી લીધા પરંતુ પ્રેમ શિલ્પાબેનને જ કરતો હતો. જેથી નરોડામાં મહિલા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા શિલ્પાબેને બન્નેને લગ્નગ્રંથિથી છુટા કરવા પ્રેમી મયુરસિંહની મદદથી પત્નિ સ્વીટીને ત્રાસ આપવાનું શરૂ કર્યું અને છુટાછેડાના કાગળ પર સહી કરવા દબાણ કરીને મારઝુડ કરી હતી. તે અંગે ફરીયાદ નોંધાવા પામી હતી. ત્યાર બાદ આજે આરોપી મહિલા પીએસઆઈ શિલ્પાબેનની ધરપકડ બાદ છુટકારો થયો હતો. મહિલા પીએસઆઈના સેશન્સ કોર્ટ આગોતરા જામીન મંજુર કર્યા હતા. જો કે કોલવડા ગામના ૪૦ થી ૫૦ વ્યક્તિઓ પોલીસસ્ટેશન આવી પહોંચ્યા હા અને પીએસઆઈને જેલમાં પુરીને રિમાન્ડ લો તેવો આક્રોશ વ્યક્ત કર્યો હતો. પરિસ્થિતિ વણસે નહી તે માટે મહિલા પોલીસનો કાફલો બોલાવી લેવાયો હતો. આગોતરા હોવાથી પોલીસ તેમ કરી શકે નહી તેવી વાત ગળે ઉતારવામાં આવતા ટોળુ શાંત પડ્યું હતું.

### સેકટર-૮ની યુવતી પર અમદાવાદના ૪૦ વર્ષીય વેપારીએ બળાત્કાર ગુજાર્યો

ગાંધીનગર, તા. ૨૫

પાટનગરના સેકટર-૮માં રહેતી ૨૦ વર્ષીય યુવતી અમદાવાદના મણિનગરના વેપારી વિપુલ શાહ સાથે ટેલીફોનીક વાતચીત બાદ સંપર્કમાં આવી હતી. પોતે ૩૦ વર્ષનો અપરણિત યુવાન હોવાનું કહીને સે-૮ની યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી દઈ નલીયા લઈ ગયો હતો અને યુવતી પર બળાત્કાર ગુજારીને જાતિ વિષયક અપમાનજનક શબ્દો ઉચ્ચારી ચાલ્યો ગયો હતો. આ બનાવ ૨જી સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર દરમ્યાન બન્યો હતો. આ સંદર્ભે સે-૭ પોલીસે યુવતિની ફરિયાદને આધારે ગુનો દાખલ કરીને ડીવાયએસપી એન.એસ. ગોસાઈએ તપાસ શરુ કરી છે.

### આજે 'મા બાપને ભૂલશો નહિ' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સેકટર-૨૫માં ગણેશ મહોત્સવ સમિતિ અને સૂર્યનારાયણ વસાહત મંડળ દ્વારા 'મા-બાપને ભૂલશો નહીં' કાર્યક્રમનું આજે તા. ૨૬મી સપ્ટેમ્બરે રાત્રે ૯ કલાકે આયોજન કરવામાં આવેલ છે. આયોજક રણછોડભાઈ પટેલે અને દાતા ઉષાબેન પુરોહિતે ડૉ. વિક્રમ શિવશંકર જાનીના વકતવ્યને સાંભળવા નગરજનોને ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

### આજે હોમગાર્ડઝ સભ્યોએ ટાઉનહોલ ખાતે હાજર રહેવું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટના ઓફિસર કમાન્ડીંગ આર.એમ. સોલંકીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટના તમામ હોમગાર્ડઝ સભ્યોએ તા. ૨૬મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૭-૦૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે સંપૂર્ણ યુનિફોર્મમાં હાજર રહેવું.

### એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં 'યોગ અને ધ્યાન' અંગે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં તાજેતરમાં 'યોગ અને ધ્યાન' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

એસ.ટી.ટી.આઈ. અને જી.સી.ઈ.આર.ટી.માં યોગના તજજ્ઞ તરીકે જોડાયેલા પારૂલબેનની ઉપસ્થિતિમાં યોજાયેલા યોગ અન ધ્યાન કાર્યક્રમમાં યોગની સંકલ્પના, પ્રકાર, નિયમો, યાદશકિતમાં વધારો કઈ રીતે થઈ શકે, પોઝીટીવ ઓરા અને એટીટયૂડ, મનને નિયંત્રિત કરવું, પ્રાણાયામ માટે અનિવાર્ય પાંચ બાબતો, ધ્યાન તેમજ શરદીથી કેન્સર સુધીના ઉપચાર યોગ દ્વારા કઈ રીતે થઈ શકે છે તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કામલ સિસોદિયા અને આભાર વિધિ ડૉ. જિજ્ઞાશાબેન જોષીએ કરી હતી.

### ગણેશ મહોત્સવ સેકટર-૨માં ગુજરાતી સુપરસ્ટાર નરેશ કનોડિયાની ખાસ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૨૫

ગણેશ મહોત્સવ સમિતિ, સેકટર-૨-સી ગાંધીનગર દ્વારા મહોત્સવના પાંચમા દિવસે મ્યુઝીક ઓરકેસ્ટ્રાનું આયોજન કરવામાં આવ્યું હતું સેવન સ્ટાર મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા દ્વારા જુના નવા ગીતો ગાવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર શ્રીમતી દર્શનાબેન વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓનું સન્માન રાકેશ પંડ્યા, અશોક પારકર અને સમિતિના મહામંત્રી મેહુલસિંહ ઝાલાએ કર્યું હતું.

મહોત્સવના છઠ્ઠા દિવસે ફન ગેમનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં વસાહતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાતી ફિલ્મોના મેગા મિલેનિયમ સુપર સ્ટાર નરેશ કનોડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પોતાની આગવી છટાથી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેઓને જોવા માટે મોટી સંખ્યામાં નગરજનો ભેગા થઈ ગયા હતા. કનોડીયાનું સ્વાગત સમિતિના પ્રમુખ વિક્રમ દેસાઈ, નિરજ રાણવા, ચિરાગ પ્રિયદર્શી, પ્રવિણસિંહ વાઘેલા અને સમિતિના અન્ય સભ્યોએ કર્યું હતું. કનોડીયાએ પોતાના પ્રવચનમાં સમિતિનો આભાર માન્યો હતો અને આ મહોત્સવના સુંદર આયોજન બદલ યુવક મંડળને ખુબ ખુબ અભિનંદન આપ્યા હતા. એન.એસ.યુ.આઈ.ના પૂર્વ પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓનું પણ સમિતિએ સ્વાગત કર્યું હતું.

### અમીયાપુરના યુવાનનો જાસપુર નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળ્યો

કલોલ, તા. ૨૫

ગાંધીનગર નજીક આવેલી જાસપુર નર્મદા કેનાલમાંથી આજે સવારે અમીયાપુર ગામના ૨૫ વર્ષીય યુવાનનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. અમીયાપુરમાં રહેતા ૨૫ વર્ષીય ઉધાજી રામાજી ઠાકોરે આપઘાત કર્યો હોવાનું પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. કલોલ તાલુકા પોલીસ અને ગ્રામજનોએ મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી સઘન તપાસ શરૂ કરી છે.



સેકટર-૨૪ ચાર રસ્તા નજીક શ્રી ગણેશ મહોત્સવ દરમિયાન અન્નકુટ તથા ભવ્ય મહાઆરતીનું આયોજન કરાયું હતું તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

### આદીશ્વર શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘના સેકટર-૩ના હોદ્દેદારો

ગાંધીનગર, તા. ૨૫

શ્રી આદીશ્વર શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘના સેકટર-૩ના હોદ્દેદારોની સામાન્ય સભામાં સર્વાનુમતે વરણી થયેલ છે. નરેશભાઈ બી. શાહ પ્રમુખ, ધર્મેન્દ્રભાઈ શાહ ઉપ પ્રમુખ, પરાગભાઈ સી. શાહ મંમત્રી, અતુલભાઈ બી. વખારીયા ખજાનચી, દિપકભાઈ એન. શાહ સહમંત્રી, સેવંતીભાઈ કે. શાહ ઓડિટર, મનોજભાઈ આર. ભાવસાર ટ્રસ્ટી, શુભાઈ એન ભાવસાર ટ્રસ્ટી, અનંતભાઈ બી. ભાવસાર ટ્રસ્ટી, દિલીપભાઈ કે. શાહ ટ્રસ્ટી. સલાહકાર સમિતિ કીર્તિભાઈ શાહ, વિજયભાઈ શાહ, કલ્પેશભાઈ શાહ, નિતીનભાઈ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

### ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી દ્વારા તાજેતરમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ અંતર્ગત રાઈફલ શુટીંગની સ્પર્ધા યોજવામાં આવી હતી. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ લેકાવાડાના વિદ્યાર્થી ઉંમગ પટેલે અંડર ૧૭માં પ્રથણ નંબર અને ગોપાલ દેસાઈએ અંડર-૧૯માં દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### અલુવાના ગ્રામજનો ગામના રસ્તાઓથી પરેશાન

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાનું નદી કિનારે આવેલું અલુવા ગામ નદીનો ફાયદો મેળવવાને બદલે મોટી સમસ્યાનો સામનો કરી રહેલ છે. નદીની રેતીનું વહન કરતા મોટા સાધનોને કારણે મુબારપુરથી અલુવાનો રસ્તો બિસ્માર થઈ ગયો છે. ચાર પૈડાવાળા વાહનો પસાર થઈ શકતા નથી. પરિણામે ગાંધીનગર આવવા માટે ગ્રામભારતી થઈને આવવું પડે છે. જેથી પાંચ કિ.મી.ની મુસાફરી વધી જાય છે. ગામના જવાબદારો કે જિલ્લાતંત્ર તરફથી કોઈ કાર્યવાહી થતી નથી. અલુવા ગામના લોકો જ તેમના ગામનો રસ્તાનો ઉપયોગ કરી શકતા નથી. સત્વરે રેતીના મોટા વાહનો બંધ કરવા જોઈએ અથવા ટોલટેક્ષ લઈને દર મહિને રસ્તા રીપેર કરાવવો જોઈએ.

### લાયન્સ કલબે અંબાજી જતાં પદયાત્રીઓ માટે મેડીકલ સેવા યોજી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં લાયન્સ ક્લબ દ્વારા દર વર્ષે અંબાજી જતા પગપાળા સંઘ-યાત્રિકો માટે મેડીકલ સેવા કેન્દ્ર અને ચિકિત્સા કેન્દ્રનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૨૧ થઈ ૨૩મી સપ્ટેમ્બર દરમિયાન લાયન્સક્લબ દ્વારા ચ-૩ સર્કલ પાસે આ સેવા કેન્દ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મેડીકલ સેવા કેન્દ્ર અને ચિકિત્સા કેન્દ્રમાં લાયન્સ ક્લબના પ્રમુખ અનિલ જયસિંઘાની, લાયન્સ ક્લબના સેક્રેટરી નયન મધુકર, લીઓ પ્રમુખ પદમસિંહ ચૌહાણ તથા લાયન્સ, લાયોનેસ અને લીઓ ક્લબના તમામ પૂર્વ પ્રમુખો તથા દરેક મેમ્બરે ખૂબ જ સહયોગ આપી પગપાળા સંઘ યાત્રિકોની સેવા કરી હતી. આ સેવા યજ્ઞમાં નટુભાઈ સોલંકી તરફથી પદયાત્રીઓ માટે સફરજનનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાવન મહેતા તથા મહેતા એન્ટરપ્રાઈઝ, મહેતા કિરાણા સ્ટોર સેક્ટર-૧૯ના સહયોગથી લાયન્સના મેડીકલ સેવા કેન્દ્રો ઉપર મિરીન્ડા કોલ્ડ્રીંકસ તથા મસાલા સોડા, મિનરલ વોટરનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ભક્તિ અને શ્રદ્ધાનો સમન્વય ભાદરવા મહિનામાં સમગ્ર ગુજરાતમાં પ્રત્યક્ષ નજરે પડે છે. ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેક્ટર-૧૨ ખાતે રામાપીરના નેજા ચઢાવવા ભક્તો ઉમટી પડ્યા હતા. ભજન સંતવાણી બાદ ભાદરવી નોમના દિવસે સવારે ૯ કલાકે પહેલો નેજો વાવોલ ગામના અગ્રણી વિક્રમસિંહ ગોલે ચઢાવ્યો હતો.

### પીએચ.ડી.ની પદવી મેળવી

ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં દૃષ્ટિ પટેલે 'ગુજરાતી તથા હિન્દી સાહિત્યિક કૃતિઓ પર આધારિત ચલચિત્રો અને ધારાવાહિકોમાં પ્રત્યાયનની ભૂમિકા' વિષય પર મહાશોધ નિબંધ ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. સમૂહ માધ્યમો વિષયમાં રજૂ થયેલા આ મહાનિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી આપી છે. જે બદલ તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧

સૂર્યાસ્ત : ૬.૩૨

### તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૫૬ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બર્ફી: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૪૫, ૭.૪૫, ૧૦.૪૫
: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦, ૧૦.૪૫
: સ્ક્રીન-૫ :
બર્ફી : ૧૧.૦૦, ૨.૦૦
હિરોઈન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
બર્ફી :૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૪ :
હિરોઈન: ૮.૧૫, ૮.૧૫
બર્ફી: ૧૧.૧૫, ૫.૧૫, ૮.૧૫
રાઝ-૩ ૨ડી: ૨.૧૫

**સૂર્યા, વાવોલ**

હિરોઈન : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હમસે ન ટકારાના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
હિરોઈન: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
બર્ફી : ૧૦.૪૫, ૭.૧૫, ૧૦.૧૫
રાઝ -૩ : ૨.૦૦, ૪.૩૦

**ચિરાગ, કલોલ**

હિરોઈન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- કલ્ચરલ ફૉરમ ગાંધીનગર દ્વારા પ્રસ્તુત નાટક 'તુ લાજવાબ છે' રાત્રે ૯.૩૦ કલાકે

**ધાર્મિક**

- ગણેશ મહોત્સવ નિમિતે ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવ ભુવનેશ્વર મંદિર, સેકટર-૬/ડી, ખાતે રાત્રે ૯.૦૦ કલાકે, આનંદનો ગરબો.

### આપની આજ

**મેષ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. . શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

### ચિરવિદાય

- સ્વ. વાલજીભાઈ દેવકણભાઈ રબારી (ઉ.વ.૬૫) મુ.પો. મહુન્દ્રા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણજી નાથાજી ઠાકોર (ઉ.વ.૬૫) ગામ ફતેહપુરા, સેકટર-૧૫, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મગનભાઈ ગોવાભાઈ રબારી (ઉ.વ. ૭૦) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.